# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-10-2023** **Midday : 1.20 to 1.30**
**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

- કેન્દ્રિય ચૂંટણી પંચે રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા, છત્તીસગઢ અને મિઝોરમમાં સાતમીથી 30મી નવેમ્બર દરમિયાન અલગ અલગ તારીખોએ વિધાનસભાની ચૂંટણીની યોજાશે- મતગણતરી 3જી ડિસેમ્બરે..
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસને આજે દિલ્હીમાં પ્રતિનિધી સ્તરની વાતચીત યોજી છે…
- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજથી 12 ઓક્ટોબર સુધી ઈટાલી અને ફ્રાન્સની મુલાકાતે જશે.
- કેન્દ્રિય ટીમ જાત માહિતી મેળવવા સિકકીમ પહોંચી… સિક્કીમના મુખ્યમંત્રીએ ઉચ્ચસ્તરીય બેઠક યોજી પરિસ્થિતીની સમીક્ષા કરી- પૂરના કારણે કુલ મૃત્યુઆંક 34 એ પહોંચ્યો..
- ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે મૃત્યુઆંક 1 હજારને વટાવી ગયો છે.
- ICC ક્રિકેટ વિશ્વ કપ સ્પર્ધામાં આજે ન્યુઝીલેન્ડનો સામનો નેધરલેન્ડ સામે થશે.

……………………………………………………………………………………

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DAY-ECI-DATES

કેન્દ્રિય ચૂંટણી પંચે રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા, છત્તીસગઢ અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણીની આજે જાહેરાત કરી છે. છત્તીસગઢમાં પહેલા તબક્કામાં સાતમી નવેમ્બરે અને બીજા તબક્કામાં 17મી નવેમ્બરે મતદાન થશે. મિઝોરમમાં સાતમી નવેમ્બરે ચૂંટણી યોજાશે. મધ્યપ્રદેશમાં 17મી નવેમ્બરે, રાજસ્થાનમાં 23મી નવેમ્બરે અને તેલંગાણામાં 30મી નવેમ્બરે ચૂંટણી યોજાશે. પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીની મતગણતરી આગામી ત્રીજી ડિસેમ્બરે યોજાશે.

મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે આજે દિલ્હીમાં પત્રકાર પરિષદ યોજીને પાંચ રાજ્યોની ચૂંટણીની જાહેરાત કરી હતી. તેમણે ખાત્રી આપી કે, પાંચેય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય એ બાબત ચૂંટણી પંચ સુનિશ્ચિત કરશે.

તેમણે કહ્યું કે, પાંચ રાજ્યોમાં વિધાનસભાની 679 બેઠકો છે. આ પાંચ રાજ્યોમાં 17 હજાર 734 આદર્શ મતદાન મથકો ઉભા કરાશે. દરેક મતદાન મથકે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. વિધાનસભાની ચૂંટણીમાં 16 કરોડ મતદારો મતાધિકાર ધરાવે છે, આ પૈકી 60 લાખ મતદારો પહેલીવાર મતદાન કરશે. ચૂંટણી પંચે પાંચ રાજ્યોની મુલાકાત લઇને ત્યાંના વહીવટીતંત્ર તેમજ કેન્દ્ર અને રાજ્યની એન્ફોર્સમેન્ટ એજન્સીઓના પ્રતિનિધીઓ સાથે ચર્ચા વિચારણા કરી છે.

# DAY TANZANIAN PREZ- INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસને આજે દિલ્હીમાં પ્રતિનિધી સ્તરની વાતચીત યોજી છે... બંન્ને અગ્રણીઓએ ભારત અને તાન્ઝાનિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરીને તે વધુ સુદ્રઢ બનાવવા મંત્રણા કરી હતી. બંન્ને દેશોએ વેપાર અને મૂડીરોકાણ, સંરક્ષણ, શિક્ષણ અને લોકસંપર્ક સહિત વિવિધ ક્ષેત્રના સંબંધો મજબૂત બનાવવાનો નિર્ણય લીધો છે.

સામિયા સુલુહુએ આજે સવારે રાજઘાટ પર પુષ્પાંજલિ અર્પણ કરી મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિભવનના પ્રાંગણમાં તેમનું ઔપચારિક રીતે સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પત્રકાર સાથેની વાતચીતમા તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિએ કહ્યું કે આ મુલાકાત રાજકીય અને આર્થિક વિકાસ માટે નવા માર્ગો ખોલશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, સૂશ્રી હસન આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે. તેમજ તેમનાં સન્માનમાં રાષ્ટ્રપતિ મુર્મુ દ્વારા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવશે.

## RAJNATH VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજથી 12 ઓક્ટોબર સુધી ઈટાલી અને ફ્રાન્સની મુલાકાતે જશે. રોમમાં ઇટાલીના સંરક્ષણ મંત્રી ગુડો ક્રાઇસ્ટોને મળવાના છે. ઉલ્લેખનીય છે કે ઇટાલીના પ્રધાનમંત્રીની ભારત મુલાકાત દરમિયાન આ વર્ષે માર્ચમાં ભારત અને ઇટાલી વચ્ચેના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરવામાં આવ્યા હતા.

પ્રવાસના બીજા તબક્કામાં, શ્રી સિંહ પેરિસમાં તેમના સમકક્ષ, ફ્રાન્સના સશસ્ત્ર દળના મંત્રી સેબેસ્ટિયન લેકોર્નુ સાથે 5મો વાર્ષિક સંરક્ષણ સંવાદ યોજશે. ભારત અને ફ્રાન્સે તાજેતરમાં વ્યૂહાત્મક ભાગીદારીના 25 વર્ષની ઉજવણી કરી હતી. રોમ અને પેરિસ બંને દેશોમાં સંરક્ષણ મંત્રી સંરક્ષણ ઉદ્યોગના મુખ્ય કાર્યકારી અધિકારીઓ અને વરિષ્ઠ પ્રતિનિધિઓ સાથે ઔદ્યોગિક સહયોગ માટેની સંભવિત તકોની ચર્ચા પણ કરશે.

## REV SIKKIM-FLOOD

ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળની એક આંતર-મંત્રાલય કેન્દ્રીય ટીમ રાજ્યમાં કુદરતી આફતને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે રાજ્યમાં છે.

સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગે આજે સવારે એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી. આ બેઠકમાં ગયા અઠવાડિયે આવેલી આફતને પગલે પુનઃપ્રાપ્તિના પ્રયાસો માટે ચર્ચા કરવામાં આવી હતી.

સિક્કિમમાં અચાનક આવેલા પૂરના કારણે મૃત્યુઆંક વધીને 34  થઈ ગયો છે. મૃતકોમાં સેનાના 10 જવાનો પણ સામેલ છે. સિક્કિમના "રાજ્ય આપત્તિ સંચાલન મંડળ"ના જણાવ્યા અનુસાર 105 લોકો હજુ પણ ગુમ છે. અત્યાર સુધીમાં 2 હજાર 563 લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને 28 રાહત શિબિરોમાં 6 હજાર 847 લોકોને રાખવામાં આવ્યા છે. આ પૂરના કારણે 1 હજાર 381 મકાનોને ભારે નુકસાન થયું છે તથા 14 પુલ ધોવાઈ ગયા હતા.

ભારતીય સેનાના ત્રિશક્તિ કોર્પ્સના જવાનો સિક્કિમમાં ગુમ થયેલા સૈનિકોને શોધી રહ્યા છે. ત્રિશક્તિ કોર્પ્સ ઉત્તર સિક્કિમના લાચેન, લાચુંગ, થંગુ અને ચુંગથાંગ વિસ્તારોમાં ફસાયેલા 1 હજાર 700 પ્રવાસીઓને પણ સહાય પૂરી પાડી રહી છે. તેમને ભોજન, તબીબી સહાય અને સંદેશાવ્યવહારની સુવિધાઓ આપવામાં આવી રહી છે. ખરાબ હવામાન વચ્ચે ભારતીય સેના, પ્રવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે. લગભગ 6 હજાર 505 લોકોએ 26 રાહત શિબિરોમાં આશ્રય લીધો છે.

## ISRAEL-HAMAS

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે મૃત્યુઆંક 1 હજારને વટાવી ગયો છે. ઇઝરાયેલમાં લગભગ 700 અને ગાઝામાં લગભગ 400 લોકો માર્યા ગયા છે. આ સંઘર્ષમાં હજારો લોકો ઘાયલ થવાની આશંકા છે. હમાસના હુમલા બાદ કેટલાક વિસ્તારોમાં કાટમાળ હટાવવાનો બાકી છે અને કેટલીક જગ્યાએ યુદ્ધ પણ ચાલી રહ્યું છે જેના કારણે મૃત્યુઆંક વધી શકે છે. હમાસ અને ઈઝરાયેલના સુરક્ષા દળો વચ્ચે વિવિધ સ્થળોએ લડાઈ ચાલુ છે.

ઈઝરાયેલની સેનાએ દાવો કર્યો છે કે તેણે ગાઝામાં ઉત્તરપૂર્વમાં બીટ હેનોન શહેર પર હવાઈ હુમલા સહિત અત્યાર સુધીમાં 800થી વધુ લક્ષ્યાંકો પર હુમલો કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું છે કે ગાઝામાં ઓછામાં ઓછા 70 હજાર પેલેસ્ટિનિયનોએ શાળાઓમાં આશ્રય

લીધો છે. સંયુક્ત રાષ્ટ્રએ ગાઝામાં ખાદ્ય પદાર્થો પહોંચાડવા માટે માનવતાવાદી કોરિડોર બનાવવાની અપીલ કરી છે.

## DAY CRICKET WORLD CUP

ICC ક્રિકેટ વિશ્વ કપ સ્પર્ધામાં આજે ન્યુઝીલેન્ડનો સામનો નેધરલેન્ડ સામે થશે. આ મેચ હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં બપોરે 2 વાગ્યાથી રમાશે.

ગઈકાલે ચેન્નાઈના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 6 વિકેટથી હરાવ્યું હતું. ઓસ્ટ્રેલિયાએ આપેલા 200 રનના લક્ષ્યાંક માટે ભારતે 41.2 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 201 રન બનાવ્યા હતા. વિરાટ કોહલીએ 85 અને કે. એલ. રાહુલે અણનમ 97 રન બનાવ્યા હતા. કે. એલ. રાહુલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

## TELANGANA-EMPLOYEES HEALTH SCHEME

તેલંગાણા રાજ્ય સરકારે કર્મચારી આરોગ્ય યોજના (EHS) હેઠળ આવરી લેવામાં આવેલા સરકારી કર્મચારીઓ, તેમના પરિવારો અને પેન્શનરો માટે કેશલેસ સ્વાસ્થ્ય વીમા યોજના લાગુ કરવાનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે ગઈકાલે કર્મચારી આરોગ્ય કલ્યાણ ટ્રસ્ટ (EHCT) ની રચના કરી હતી.

કર્મચારીઓ અને પેન્શનરો દર મહિને EHCTમાં નિશ્ચિત રકમનું યોગદાન આપશે. આ રકમ દર મહિને તેમના પગાર અથવા મહેનતાણું અથવા પેન્શનમાંથી કાપવામાં આવશે. રાજ્ય સરકાર પણ દર મહિને આ

ફંડમાં સમાન રકમનું યોગદાન આપશે. EHCT ના ટ્રસ્ટી મંડળ નીતિ વિષયક બાબતો પર સરકારને ભલામણો કરશે અને આગામી દિવસોમાં રાજ્ય સરકાર EHS માટે CEO ની નિમણૂક કરશે. નવી કર્મચારી આરોગ્ય યોજનાના અમલીકરણની પદ્ધતિ માટે વિગતવાર માર્ગદર્શિકા જારી કરવામાં આવશે.

## REV. TELANGANA-EXTENSION OF TRAIN SERVICES

કેન્દ્રીય પ્રવાસન મંત્રી જી. કિશન રેડ્ડીએ આજે સિકંદરાબાદ સ્ટેશન પર કાઝીપેટથી હડપસર (પુણે) એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. તેમણે બોધન-કરીમનગર, રાયચુર-નાંદેડ, કુર્નૂલ-જયપુર ટ્રેનોને પણ વર્ચ્યુઅલ રીતે ફ્લેગ ઓફ કરી હતી.

આ પ્રસંગે બોલતા મંત્રીએ કહ્યું કે કેન્દ્ર સરકાર તેલંગાણાના તમામ મોટા શહેરો અને નગરો સુધી ટ્રેન સેવાઓનો વિસ્તાર કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે, ચેરલાપલ્લી ટ્રેન ટર્મિનલ આવતા વર્ષે જાન્યુઆરી સુધીમાં તૈયાર થઈ જશે, આ ટર્મિનલથી રાજ્યમાં રેલ મુસાફરોની સેવાઓમાં સુધારો થશે.

## MUST ANNOUNCEMENT

આકાશવાણીના લાઈવ ફોન-ઈન પબ્લિક સ્પીક કાર્યક્રમમાં આજે રાત્રે 9:30 વાગ્યે "ડેન્ગ્યુ તાવ કારણો, લક્ષણો અને નિવારક

પગલાં" વિષય પર વિશેષ ચર્ચા પ્રસારિત કરવામાં આવશે. એઈમ્સ નવી દિલ્હી, મેડિસિન વિભાગના ડો.પિયુષ રંજન આ કાર્યક્રમમાં ભાગ લેશે.

આ દરમિયાન, શ્રોતાઓ અમારો ટેલિફોન નંબર 011-23717106 અને 011-23314444 પર ડેન્ગ્યુના ચેપના ઉપાયો, સારવાર પદ્ધતિઓ અને અન્ય સંબંધિત પ્રશ્નો અમારા નિષ્ણાતને પૂછી શકશે. ઉપરાંત વોટ્સએપ નંબર 9289094044 પર પ્રશ્નો મોકલી શકશે.

આ કાર્યક્રમ અમારી વેબસાઈટ ન્યુઝ ઓન એર ડોટ જીઓવી ડોટ ઈન અને એફએમ ગોલ્ડ ચેનલ તેમજ વધારાની ફ્રિક્વન્સીઓ પર પણ સાંભળી શકશો.